# સચિવાલય સંકુલ સામેથી શંકાસ્પદ હાલતમાં પદયાત્રીનો મૃતદેહ મળ્યો



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર, તા. ૧

ભાદરવી પૂનમના દિવસો નજીક આવી રહ્યા છે. દરરોજ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ચાલતા ગાંધીનગરના માર્ગો પરથી પસાર થઈ રહ્યા છે. ત્યારે આજે શહેરના હાઈ-પ્રોફાઈલ વિસ્તાર ગણાતા સચિવાલય સામેની ઝાડીઓમાંથી એક પદયાત્રીનો મૃતદેહ મળી આવતા પોલીસમાં ભારે દોડધામ મચી જવા પામી હતી અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાદરવી પૂનમ નજીક આવી રહી છે. દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો સંઘોમાં કે એકલદોકલ ગાંધીનગરના માર્ગો પરથી અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. ત્યારે શહેરના ચ-માર્ગ પર હાઈ પ્રોફાઈલ ગણાતા સચિવાલય સંકુલના ગેટ નં. ૬ ની બરોબર સામેના ભાગે આજે બપોરના સમયે એક પદયાત્રી મૃત હાલતમાં પડ્યો હોવાની જાણ રાહદારીઓને થતા તુરંત મૃતદેહ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. હાઈ-પ્રોફાઈલ ગણાતા સચિવાલય સંકુલની સામે મોતની ઘટનાથી પોલીસ વિભાગમાં પણ દોડધામ મચી જવા પામી હતી અને સાથે પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. શંકાસ્પદ હાલતમાં મળી આવેલ મૃતદેહની તપાસ કરતા મૃતક આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના મેલાવ ગામનો વતની હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જ્યારે મૃતકની હજુ પુરી ઓળખ થવા પામી નથી. પોલીસે આ સંદર્ભે પ્રાથમિક તબક્કે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પદયાત્રીના મોત અંગે જુદા જુદા પાસાઓની તપાસ કરી આ મોત છે કે હત્યા તે દિશામાં પણ તપાસ ચલાવી રહી છે. આ બનાવ અંગે એલ.સી.બી. પી.આઈ આશુતોષ પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જિલ્લામાં ૬૦ વર્ગખંડો ઉતારી લેવાશે

## પ્રાથમિક શાળાઓમાં ૭૮ નવા વર્ગખંડો નિર્માણ થશે : કાલે શાળાઓમાં સ્વયંશિક્ષક દિન ઉજવાશે : સ્વયં શિક્ષક દિનની ઉજવણીમાં અધિકારીઓ અને પદાધિકારીઓ પણ ભાગ લેનાર છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની વિવિધ પ્રા. શાળાના ૬૦ થી વધુ વર્ગખંડો ઉતારી પાડવાની તથા ૭૮ જેટલા નવા વર્ગખંડોના નિર્માણની મંજુરી જ્ઞાન સપ્તાહની ઉજવણી સંદર્ભે આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં વર્ગખંડોની ઘટને પહોંચી વળવા માટે એક તબક્કે સિન્ટેક્સના વર્ગ ખંડો બનાવવામાં આવ્યા હતા. હવે આ વર્ગખંડો ઉતારી લેવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦ જેટલા સિન્ટેક્સના વર્ગખંડો ઉતારી લેવામાં આવશે જ્યારે ૪૦ જેટલા વર્ગખંડો જે જર્જરિત બન્યા છે તે ઉતારી લેવા માટે મંજૂરી આપવામાં આવશે.

આમ તો જિલ્લાની તમામ પ્રા. શાળાઓમાં હાલ આ અંગે સર્વેલન્સની કામગીરી ગતિમાં છે. કાલે સાંજ સુધીમાં આખુ ચિત્ર સ્પસ્ટ થઈ જશે. જિલ્લામાં એકસો જેટલી પ્રા. શાળાઓ એકસો વર્ષથી પણ વધુ આયુ ધરાવતી શાળાઓ છે. એટલે સ્વાભાવિક છે કે વર્ગખંડો વધુ ઉતારવા પડે તેવી સ્થિતિ છે.

આ ઉપરાંત જિલ્લાની પ્રા. શાળામાં વર્ગખંડોની ઘટ પણ છે જો કે તે બાબત અલગ હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. વર્ગખંડોના નિર્માણની કામગીરી સર્વશિક્ષા અભિયાન દ્વારા હાથ ધરવામાં આવતી હોય છે. જે જરૂરિયાત પ્રમાણે વર્ગખંડોના નિર્માણની કામગીરી નાણાંકીય જોગવાઈઓને ધ્યાને રાખી કરતુ હોય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાની ૧૦ અને કલોલ તાલુકાની બે પ્રા. શાળાની દરખાસ્તો શિક્ષણ વિભાગને મળી ચુકી છે. દરમિયાન ગાંધીનગર જિલ્લામાં જ્ઞાન સપ્તાહની ઉજવણીનો આરંભ દબદબાપૂર્ણ રીતે થયો છે. શાળા સંકુલોની સફાઈ સાથે વર્ગ-સુશોભન-સંકુલ સુશોભન સહિતની વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. આજે સમૃદ્ધિ શિર્ષક હેઠળ આ મંજૂરીઓ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લામાં ૭૮ જેટલા નવા વર્ગખંડો બનાવવા માટેનું આયોજન થઈ ચુક્યુ છે અને આ માટે જરૂરી નાણાકીય ઉપલબ્ધિ પણ થઈ ચુકી છે.

જ્ઞાન સપ્તાહ દરમિયાન શૌચાલયો અને કમ્પાઉન્ડ વોલની બાબતોની મંજૂરીઓ પણ આજના દિવસે આપવામાં આવશે. જો કે આ કામગીરી સર્વેલન્સ હેઠળ હોવાથી કાલે જ ચિત્ર સ્પષ્ટ થશે.

બીજી તરફ ૩જી સપ્ટેમ્બરના રોજ યોજાનાર સ્વયં શિક્ષક દિનની ઉજવણીમાં પણ અધિકારીઓ અને પદાધિકારીઓ ભાગ લેનાર છે. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી તેમજ અન્ય પદાધિકારીઓના આ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ચોમાસાની મુખ્ય ફરિયાદ - વરસાદની મોસમમાં ઘાસમાં જીવાત થતાં ગાયો હંમેશા જીવાતથી બચવા રોડ પર આવીને બેસે છે... માર્ગની મધ્યમાં બેઠેલી ગાયોને કારણે ટ્રાફીકને ભારે અવરોધ સર્જાય છે... ગાંધીનગરના માર્ગો પર આજકાલ ગાયોના ઝુંડે-ઝુંડ, માર્ગની વચ્ચોવચ્ચ આરામથી બેસતાં વાહનોને ધીમા પાડી બાજુમાં થઈ લઈ જવાની ફરજ પડે છે... આ ગાયોનું ચોમાસા દરમિયાન કોઈ રણીધણી નથી હોતું...

# શહેરમાં વિવિધ પાંચ સ્થળોએ પાર્કીંગનું કામ હાથ ધરાશે

## સે. ૧૬ સોમનાથ મહાદેવ, સે. ૧ ગાયત્રી મંદિર સહીત સે. ૧ થી ૫ ના બાકી રહેતા શોપીંગ વિસ્તારમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧

સે. ૧૬ સોમનાથ મહાદેવ તેમજ સે. ૧ ના ગાયત્રી મંદિરને અનુલક્ષી નવા પાર્કીન ઝોન ઉભા કરવામાં આવશે. આ ઉપરાંત સે. ૧ થી ૫ ના શોપીંગ વિસ્તારમાં પણ પાર્કીંગની બાકી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

શહેરમાં પાર્કીંગ વ્યવસ્થાના અભાવે ઠેર-ઠેર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. નગરના જાહેર સ્થળોએ પાર્કીંગ પ્લેસના અભાવે આડેધડ વાહનોનો ખડકલો થાય છે. જ્યારે કોમર્શિયલ કોમ્પલેક્ષો આસપાસ પાર્કીંગ પ્લેસ પર લારી-ગલ્લાના દબાણો અસ્તિત્વમાં આવતા તંત્ર દ્વારા ખર્ચાયેલા લાખો રૂપિયાનો કોઈ હેતુ સરતો નથી. સે. ૧૧ અને સે. ૧૬ ના કોમર્શિયલ વિસ્તાર પાસે પણ આવી જ સ્થિતિ છે. નગરમાં સ્થિત વિવિધ સરકારી કચેરીઓ તેમજ શોપીંગ સેન્ટરો આસપાસ પાર્કીંગની સમસ્યા પેચીદી બનતી જાય છે. જેના લીધે રોજબરોજ ટ્રાફિકને લગતી સમસ્યાએ શહેરમાં અજગર ભરડો લીધો છે. આવા સંજોગોમાં નગરના ધાર્મિક સ્થાનો આસપાસ પણ પાર્કીંગની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં સે. ૧ ગાયત્રી મંદીર તેમજ સે. ૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરને અનુલક્ષી ટુંકમાં પાર્કીંગનું કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત શહેરના નવા સે. ૧ થી ૫ માં પણ બાકી રહેતા શોપીંગ સેન્ટરોમાં પાર્કીંગની કામગીરી પૂર્ણ કરી દેવાશે. જેમાં સે. ૩ એ ન્યુ ના શોપીંગ વિસ્તારમાં પણ પાર્કિંગ બનાવાશે. આ કામગીરી પાછળ રૂ. ૩૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

# ગાંધીનગરમાં અમદાવાદ કરતાં પેટ્રોલ-ડિઝલ મોંઘુ

## ગાંધીનગરમાં લિટરે પેટ્રોલમાં ૫૩ પૈસા જયારે ડિઝલમાં ૧૭ પૈસા વધુ લેવાય છે

ગાંધીનગર, તા.૧

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતમાં ઘટાડો થયો છે જેથી ભારતમાં પણ ઈંધણ સસ્તુ કરવામાં આવ્યું છે. પરંતુ ગાંધીનગરના નગરજનોને આ ભાવ ઘટાડાનો પૂરો લાભ મળતો નથી. ગાંધીનગર શહેરમાં આવેલ દરેક પેટ્રોલ પંપો ઉપર અમદાવાદ કરતાં પેટ્રોલ અને ડિઝલની રકમ વધુ વસુલ કરાઈ છે. જેથી વાહન ચાલકો અને પંપ માલિકો વચ્ચે આ અંગે ઘણી વખત ચડભડ જોવા મળતી રહે છે માટે આ અંગે પુરવઠા વિભાગે યોગ્ય કરવા વાહનચાલકોની માંગ ઉઠી છે.

મળેલ પ્રાપ્ત વિગતોનુસાર આંતરરાષ્ટ્રીય બજારોમાં કાચુ તેલ પ્રતિ બેરલે ૧૧૮ ડોલરથી ઘટીને ૧૧૦ ડોલરે પહોંચી ગયું છે. જેથી ભારતમાં પણ ઈંધણની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. શનિવાર મધ્યરાત્રીથી અમલમાં આવેલા પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ઘટાડા અને વધારાને ભારત દેશના જુદા જુદા રાજયોમાં જુદા જુદા શહેરમાં અલગ અલગ ભાવ અમલમાં આવ્યા છે પરંતુ દેશની સરકારે પેટ્રોલમાં રૂ. ૧.૮૨ પૈસા ઘટાડો કર્યો છે જયારે ડિઝલ ૫૦ પૈસા મોંઘુ થયું છે. જેમાં ગુજરાતમાં સ્થાનિક વેરા અને વેટ ઉમેર્યા બાદ પેટ્રોલ રૂ. ૨.૨૭ પૈસા સસ્તુ ગણાઈ રહ્યું છે જયારે ડિઝલ ૬૭ પૈસા મોંઘુ થયું છે.

પરંતુ ગાંધીનગર અને અમદાવાદ એ મહત્વના નજીકના શહેરોમાં પણ પેટ્રોલ, ડિઝલના અલગ અલગ ભાવ અમલમાં રહે છે. અમદાવાદમાં પેટ્રોલ રૂ. ૭૧.૭૦ જયારે ગાંધીનગરમાં રૂ. ૭૨.૨૩ લેવાય છે અને ડિઝલ અમદાવાદમાં રૂ. ૬૫.૫૧ જયારે ગાંધીનગરમાં રૂ. ૬૫.૬૮ લેવાય છે આમ અમદાવાદ કરતાં ગાંધીનગરમાં પેટ્રોલમાં ૫૩ પૈસા વધારે લેવાય છે જયારે ડિઝલમાં ૧૭ પૈસા વધારે લેવાય છે. હાલમાં ઘટેલા પેટ્રોલના ભાવમાં ગાંધીનગરના નગરજનોને રૂ. ૧.૭૪ પૈસાનો જ ફાયદો મળ્યો છે જયારે ડિઝલમાં વધુ નુકસાન એટલે ૮૦ પૈસા મોંઘુ થયું છે. શહેરના અનેક ઈંધણ પંપો ઉપર દૈનિક ગ્રાહકો સાથે રકઝક થયા કરે છે પરંતુ પુરવઠા વિભાગ આ અંગે કોઈ જ ખુલાસો કે કાર્યવાહી ન કરતાં નગરજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે જેથી આ અંગે સત્વરે યોગ્ય કરવા માંગ ઉઠી છે.

# પદયાત્રાનો માર્ગ નિર્મળ બને તે માટે તંત્ર દ્વારા અનોખુ જાગૃતિ અભિયાન

## સેવા કેન્દ્રો ખાતે જરુરી સુવિધાઓ અને ગંદકી ના ફેલાય તે જોવા માટે પંચાયત અને તલાટીઓને વિશેષ જવાબદારી

ગાંધીનગર, તા.૧

ભાદરવી પૂનમે ગુજરાતના તિરૂપતિ ગણાતા મા-અંબાના શકિતપીઠ અંબાજી ખાતે યોજાતા મેળામાં જતા પદયાત્રીઓને નાગરિક ધર્મ વિશે જાગૃતિ આપી પદયાત્રાના માર્ગને નિર્મળ રાખવાનું અનોખું અભિયાન તંત્ર દ્વારા છેડવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જાગૃતિ અભિયાન છેડવામાં આવ્યું છે. એજન્સીના નિયામકશ્રીએ આ અંગે તમામ માલતદારોને એક પત્ર લખી અને સેવા કેન્દ્રોના સંચાલકોનો સહયોગ મેળવી પદયાત્રાનો માર્ગ નિર્મળ રહે તે જોવા સૂચવ્યું છે.

તંત્ર એ આ માટે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની તસવીરો સાથે આકર્ષક પોસ્ટરો અને હોર્ડિંગ્સ બનાવી પદયાત્રાના માર્ગમાં લગાવ્યા છે.

પદયાત્રીઓની સુવિધાઓ માટે ચાલતા સેવા કેન્દ્રની આસપાસ ગંદકી ન થાય તેમજ અન્ય આરોગ્યના પ્રશ્નો ઉભા ના થાય તે માટે જરુરી તમામ વ્યવસ્થાઓ જેવી કે મોબાઈલ ટોયલેટ, શોષ ખાડા, પીપ, ડ્રમ મુકી અને યાત્રાનો માર્ગ નિર્મળ રહે તે જોવા જણાવાયું છે.

સેવા કેન્દ્રોની વ્યવસ્થા પૂર્ણ થયા બાદ તે સ્થળે ઘણો કચરો પડેલો હોય છે. સેવા કેન્દ્રો પૂર્ણ થયા બાદ કોઈ કચરો ન રહે તે માટેની જવાબદારી સેવા કેન્દ્રોના આયોજકોને આપવી અને આ અંગેની ચકાસણી કરવાની જવાબદારી ગામના તલાટી કમ મંત્રીને સોંપવી. સેવા કેન્દ્રોની વ્યવસ્થા પૂર્ણ થયા બાદ જો કચરો રહ્યાનું ધ્યાન ઉપર આવે તો તે કચરાની સફાઈ કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની થશે તે પણ ગ્રામ પંચાયત અને તલાટી કમ મંત્રીને સ્પષ્ટ કરવું.

# સેકટર-૨૧ જિલ્લા પુસ્તકાલયના પ્રવેશ દ્વાર જ પાણીથી તરબોળ

## છતમાંથી સતત વરસાદી પાણી ટપકી રહ્યું છે : પ્રવેશ કરતી વખતે લપસી જવાનો ભય



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૨૧માં આવેલ સરકારી જિલ્લા પુસ્તકાલયના પ્રવેશ દ્વાર છતમાંથી ટપકતા સતત પાણીથી તરબોળ બન્યો છે. ગાંધીનગરના મુખ્ય ગણાતા પુસ્તકાલયો પૈકીના આ પુસ્તકાલયમાં દૈનિક અનેક લોકો વાંચન અર્થે અહીં આવે છે જેઓના પ્રવેશ વખતે ટપકતા પાણીની અજાણતા તેમને અકસ્માતમાં ધકેલી દે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે જેથી અતિ મહ્ત્વપૂર્ણ આ સ્થળની સત્વરે મરામત થાય તેવી વાંચનપ્રેમી લોકોની માંગ છે.

ગાંધીનગરના ૨૧ સેકટરનું સરકારી જિલ્લા પુસ્તકાલય નગરજનો માટે ખુબ જ જાણીતું અને મહત્વનું બન્યું છે. આ પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓ, નગરજનો તથા બહારથી પણ વાંચન પ્રેમી લોકો નિત્ય આવે છે સરકારની આ શ્રેષ્ઠ સુવિધાથી અનેક માહિતી સભર વિગતો પ્રાપ્ત કરી આ લોકોમાં પૂર્ણ સંતોષ ઉભો થયો છે. પરંતુ ચોમાસા દરમિયાન આ પુસ્તકાલયના મુખ્ય પ્રવેશદ્વારની છતમાંથી વરસાદી પાણી ટપકી રહ્યુ છે. તેમજ ભોંયતળીયે સફેદ કલરની ટાઈલ્સ લગાવેલ હોવાથી આ પાણી પ્રથમ દ્દષ્ટિએ નજર પડતું નથી. જેથી પ્રવેશ સમયે જો ધ્યાન ન અપાયું તો લપસી પડવાની શકયતાઓ

● અનુસંધાન પાન-૭ પર

# એલ.આઈ.સી. દ્વારા વીમા સપ્તાહ ઉજવણી અન્વયે કાર્યક્રમો

## વર્ષ ૨૦૧૩-૧૪ ગાંધીનગર વિભાગે ૨૫૪૧૭૩ દાવા હેઠળ ૬૨૩.૯૩ કરોડ ચુકવ્યા : સે. ૧૧ માં કસ્ટમર ઝોનની શરૂઆત

ગાંધીનગર, તા. ૧

એલ.આઈ.સી. દ્વારા ૫૯ મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે તા. ૧ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન વીમા સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે ગાંધીનગર ડીવીઝનલ કચેરી કક્ષાએથી ચિત્ર સ્પર્ધા, નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વીમા સપ્તાહની ઉજવણીના પ્રારંભે વિભાગના અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩-૧૪ ના અંતે વિભાગે કુલ ૨૫૪૧૭૩ દાવા હેઠળ કુલ ૬૨૯.૬૩ કરોડની ચુકવણી કરી છે.

વીમા સપ્તાહની ઉજવણી અંતર્ગત એલ.આઈ.સી. ગાંધીનગર વિભાગના અધિકારીઓએ માહિતી આપતાં જણાવ્યું હતું કે એલ.આઈ.સી. દ્વારા ૫૯માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, પાણીની ટાંકી વિતરણ, કર્મચારીઓ માટે આરોગ્ય મિશન કેમ્પ જેવા કાર્યક્રમો યોજાશે. ગાંધીનગર વિભાગે વર્ષ ૨૦૧૩-૧૪ ના અંતે પ્રથમ પ્રીમિયમ ક્ષેત્રે ૧૦.૨૪ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરી નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. જ્યારે જૂથ વીમા ક્ષેત્રે કુલ ૧૧૪ કરોડની પ્રિમિયમ આવક મેળવી છે. સામાજિક સુરક્ષા હેઠળ કુલ ૨૪૧૬ દાવાની ચુકવણી કરવામાં આવી છે. આમ આદમી વીમા યોજનામાં ૧૧૫૮૦ ને શિષ્ય વૃત્તિ તેમજ ૫૯૬ દાવાઓની ચુકવણી કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# પેટા ચૂંટણીના પ્રચારમાં મંત્રીઓ વ્યસ્ત બનતા મંત્રાલયો મંત્રી વિહોણા બન્યા

ગાંધીનગર, તા. ૧

રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ પેટા ચૂંટણીના પ્રચારાર્થે જતાં સચિવાલયના મંત્રાલયો મંત્રી વિહોણા બન્યા હતા.

ગુજરાતની બરોડા લોકસભા બેઠક અને વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂટણીઓ ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાનારી છે. આ પેટા ચૂંટણી માટે ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરવામાં આવ્યા છે.

પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી પ્રચારની જવાબદારી રાજ્યમંત્રીમંડળના મંત્રીઓ અને ધારાસભ્યોને સોંપવામાં આવતાં આજે મોટા ભાગના મંત્રીઓ તેમને ફાળવેલ વિધાનસભા બેઠક પર ચૂંટણી પ્રચારાર્થે ગયા છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પેટા ચૂંટણી વાળી બેઠકો પર મંત્રીઓ તાલુકા અને જિલ્લા ભાજપ સંગઠનના આગેવાનો સાથે

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



સ્વ. કરસનભાઈ દસ્તાનભાઈ ચૌધરી
સ્વ. તા. ૨૮/૮/૨૦૧૪

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પૂજ્ય પિતાશ્રી **કરસનભાઈ દસ્તાનભાઈ ચૌધરીનું** અવસાન તા. ૨૮/૮/૨૦૧૪ને ગુરૂવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩/૯/૧૪ને બુધવાર**ના રોજ રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૯૫/૨, સેક્ટર-૫એ, ગાંધીનગર. ● સમય : સાંજે ૪ થી ૭**

લિ.

**ગં.સ્વ. મેનાબેન કરસનભાઈ ચૌધરી**
**નિશિથ કે. ચૌધરી** **નીરજ કે. ચૌધરી**
**શ્વેતા એન. ચૌધરી** **ભવદીપ કે. ચૌધરી**




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
**કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.**
**મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.**

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com